# યુદ્ધકાળમાં પ્રગટેલા તાજા તજજ્ઞો

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડ્યા

જ્યારે જ્યારે યુદ્ધ કે અન્ય કોઈ આપત્તિની સ્થિતિ સર્જાય છે ત્યારે 'નવી આપત્તિ' રૂપે એટલે કે યુદ્ધની બાય પ્રોડક્ટ સ્વરૂપે અમુક પ્રકારના તજજ્ઞો પાતાળમાંથી, અરે પાતાળમાંથી નહીં દશે દિશાઓમાંથી પ્રગટે છે અને લોકોને દશા બગાડી નાખે છે. લોકોને દિશાવિહીન બનાવી દે છે. આવા તાજજ્ઞોની લોકોને કોઈ જરૂર નથી, પણ લોકોનું દુર્ભાગ્ય છે કે યુદ્ધના સમયમાં જે જોઈતું હોય તે મળતું નથી અને નથી જોઈતું તે આવીને માથે પડે છે. તેમાંના એક ફાલ આ તજજ્ઞોનો છે. આ તજજ્ઞોની ખૂબી એ છે કે તેમાંનો દરેક તજજ્ઞ જે તે વિષયથી ઘણો અજ્ઞ હોય છે અને આવા લોકો જેમ વધુ અજ્ઞ તેમ તેનો આત્મવિશ્વાસ વધુ. એટલે તેઓ ઝનૂની આત્મવિશ્વાસ સાથે ચર્ચામાં ઝંપલાવે છે. જે રીતે જેઠ મહિનાના પહેલા વરસાદની ગરમીમાં પાંખોવાળા ફુદાઓ ઊડાઊડ કરે છે એ જ રીતે આવા તજજ્ઞો કૂદાકૂદ કરે છે. કારણ કે યુદ્ધનો સમય તેમના માટે જ્ઞાન બતાવવાનો સુવર્ણ અવસર હોય છે. આ રીતે પણ આફતને અવસરમાં ફેરવી શકાય છે.

આવા તજજ્ઞોની વિધીવત રીતે કોઈ ડિબેટ યોજાતી નથી. (તેમને તો તિબેટ મોકલી દેવા જોઈએ!) આ તજજ્ઞોમાંથી મોટાભાગનાનો સૂર એવો હોય છે કે અત્યારની આપણી દરેક સમસ્યાનું મૂળ આ અમેરિકા ઈઝરાયેલ ઈરાનનું યુદ્ધ છે. મોડી રાતે કુતરા રડે તો પણ તેઓ કહે કે જુઓ હવે ટ્રમ્પનો વારો છે. અલ્યા ટ્રમ્પનો વારો હોય તો કુતરા અમેરિકામાં રડે ને! અહીં કાપોદ્રા કે કતારગામના શું કામ રડે! પણ તેમના મંતવ્ય મુજબ ભારતીય કુતરાઓની આધ્યાત્મિક અનુભૂતિ અમેરિકન ડોગી કરતાં ઊંચી હોય છે. તેથી ભારતીય કુતરાઓ યમરાજના આગમનના વેઝ વધુ સારી રીતે રિસીવ કરી શકે છે. અમેરિકાના કુતરા આવું કરી શકતા નથી.

આવા તજજ્ઞો ખાસ કરીને સાંજ પડ્યે સોસાયટીના પાનના ગલ્લે, કોઈ દુકાનના ઓટલે કે સોસાયટીના નાકે પાંચ સાત બાઈક આડાઅવળા ઊભા રાખી, તેના હેન્ડલ પર માથું ટેકવી, પગ બાજુવાળાના બાઈકની ટાંકી પર રાખી, એકસોપાંત્રીસ કે ત્રણસોનો માવો ખાતા ખાતા લાંબી લાંબી ચર્ચાઓ કરતા રહે છે. કારણ કે ચર્ચામાં કોઈ ખર્ચા નથી. તેથી આવા જુદા જુદા પ્રકારની નીતિઓના તજજ્ઞો કંઈક નીચે પ્રમાણે પ્રગટે છે.

યુદ્ધનીતિના તજજ્ઞઃ- આમ તો જેને નીતિ સાથે કંઈ નાહવા નિચોવવાનું નથી. એવા લોકો જ વિવિધ પ્રકારની નીતિઓની ચર્ચા કરતા હોય છે. મને તો 'યુદ્ધનીતિ' શબ્દ જ વિચિત્ર લાગે છે. કારણ કે જ્યાં નીતિ હોય ત્યાં યુદ્ધ કેવી રીતે હોઈ શકે! પણ યુદ્ધખોર નેતાઓની દાનત ખોરા ટોપરા જેવી હોય એટલે યુદ્ધ થાય છે. યુદ્ધના સમયે યુદ્ધ કરનારા સિવાયના બાકી બધામાં સમજણના સમંદર હિંલોળા લેતા હોય છે. પણ અફસોસ કે આવા સમંદરમાંથી ચમચી ભરીને પણ સમજણનું ચરણામૃત લેવા કોઈ તૈયાર હોતું નથી. તેમની પાસે યુદ્ધને અટકાવવાના, શાંતિ સ્થાપનાના સોળ આની સચોટ ઉપાયો હોય છે પણ અફસોસ કે કોઈ તેમની એક આની નોંધ પણ લેતું નથી.

ફોર્સના તજજ્ઞોઃ- અમુક તજજ્ઞો એવા હોય છે કે અમેરિકા, ઈઝરાયેલ કે ઈરાનની આર્મી, એરફોર્સ અને નેવી પાસે કેવા કેવા ઘાતક વેપન્સ છે. તેના આખે આખા લિસ્ટ મોઢે હોય છે, પણ પોતાના ઘરમાં કેટલા દિવસ ચાલે છે તેટલો ગેસ છે, કેટલું તેલ અને કેટલો લોટ છે? તેની ખબર હોતી નથી. તેઓ કેટલીકવાર યુદ્ધના પરિણામોની ભવિષ્યવાણી પણ કરતા હોય છે. આ રીતે તેઓ ભવિષ્યવેતા પણ હોય છે, પણ તેમનું ખુદનું ભવિષ્ય ડામાડોળ હોય છે અને વર્તમાન આ રીતે ફેંકમફેંકમાં વિતાવતા હોય છે. તેથી ભવિષ્ય ભગવાન ભરોસે હોય છે. ઈરાન અમુક પ્રકારની મિસાઈલ છોડશે તો સામે અમેરિકા કયા ઘાતક વેપન્સનો ઉપયોગ કરશે તેનું પરિણામ શું આવશે? તેની પણ તેને ખબર હોય છે, પણ 'કાલે ઉઘરાણીવાળા આવશે તો પરિણામ શું આવશે.' તેની તેને ખબર હોતી નથી બસ તે કહેતો હોય છે કે 'ટ્રમ્પે હવે પાછા વળી જવું જોઈએ.' (અલ્યા તારે ય!) યુદ્ધના સંદર્ભે શેરબજારના તજજ્ઞોઃ- આ એક અનોખો રસપ્રદ વર્ગ છે. તે યુદ્ધ કાળમાં પોર્ટફોલિયો કઈ રીતે મેનેજ કરવો તે શીખવે છે. તેમની પોતાની પાસે પોર્ટફોલિયો તો શું! પર્સ કે પાકીટ પણ નથી હોતું. આમ તો આપણે ત્યાં કવિઓ, કરાઓકે સિંગર અને શેરબજારના નિષ્ણાતો ગલીએ ગલીએ સેંકડો છે, પણ યુદ્ધકાળમાં શેરબજારના તજજ્ઞો ફૂટી નીકળે છે. યુદ્ધકાળમાં શેરબજાર કેવો વળાંક લેશે. (જોકે ઉઘરાણીવાળાને જોઈને પોતે બીજી ગલીમાં અણધાર્યો વળાંક લઈ લેતો હોય છે!) તેની આંટીઘૂંટી સમજાવતા તેઓ જણાવે છે કે સામાન્ય દિવસોમાં શેરબજારના લે-વેચના જે નિયમો હોય છે તે યુદ્ધકાળમાં સાવ બદલાઈ જાય છે, પણ બદલાઈને કેવા થાય છે તે પાછું કહેતો નથી. આટલું કહીને સામેવાળાએ માવાની પડીકી ખોલી હોય તેમાંથી વગર કીધે પોણા ભાગનો માવો ઊપાડી, પોતાના મોમાં મૂકી મૌન થઈ જાય છે અને એવો દેખાવ કરે છે કે કોઈ નથી જાણતું તે બધું જ પોતે જાણે છે. જોકે ભાઈ પોતે શેરબજારમાં ધોવાઈ ગયા હોય છે અને ઉઘરાણીવાળા સાથે તેમનું યુદ્ધ ચાલતું હોય છે.

અગાઉ તે શેર વેચતો. હવે શેર સિવાયની ચીજો વેચવા કાઢી હોય છે. આમ છતાં પણ જેમ સડેલા તૂટેલા બારણામાંથી કૂતરું ઘરમાં ઘૂસી જાય એ રીતે કોઈ પણ પ્રસંગે શેર બજાર તેના મનમાં ઘૂસી જાય છે, પણ હવે તેની સ્થિતિ ફક્ત શેરબજારની વાતો કરી શકે એવી હોય છે. શેર બજારની વધુ પડતી વાત કરવાથી તેના શરીરમાં પણ 'વાત' પ્રકોપ વધી જાય છે.

વિદેશનીતિના તજજ્ઞઃ- આ તજજ્ઞો 'યુદ્ધ કાળમાં આપણી વિદેશનીતિ કેવી હોવી જોઈએ?' તેની ચર્ચા ન કરે તો તેમને ભયંકર એસીડીટી થઈ જાય છે. તેથી વિદેશોની વિદેશનીતિ અને યુનોની (UNO) ચર્ચાથી તેને એટલી બધી એસીડીટી થાય છે કે તે ઈનો (ENO) પીવાથી પણ શાંત થતી નથી. તે જાણે કે આ દેશમાં ધરમૂળમાંથી ક્રાંતિ કરવાના હોય એ રીતે વાત કરે કે, આપણી વિદેશનીતિમાં પાયામાંથી જ ફેરફારો કરવા જરૂરી છે. ગયા ચોમાસાના વરસાદમાં તેના મકાનના પાયા બેસી ગયેલા તેમાં તે કોઈ ફેરફાર કરી શક્યો નથી. આપણી વિદેશનીતિ બાબતે તેને ભારોભાર અસંતોષ હોય છે અને તેના પ્રત્યે તેના ઘરના સભ્યોને અસંતોષ હોય છે. એટલે તે મોટાભાગે ઘરની બહાર જ રહે છે.

મોંઘવારી અને માર્કેટ તજજ્ઞોઃ- આવા સાતેક માર્કેટ તજજ્ઞ સોસાયટીના નાકે બેઠા બેઠા ચર્ચા કરતા હોય, તેમાંથી પાંચેક તો માર્કેટમાંથી ઉઠી ગયેલા હોય છે. એટલે તેઓ માર્કેટની ચર્ચા સોસાયટીના દરવાજે બેસીને કરે છે અને સોસાયટીની ચર્ચા માર્કેટમાં જઈને (બીજાની દુકાને બેસીને) કરે છે. કારણ કે પોતાની દુકાન તો દેવાળામાં ગઈ હોય ને! તે માર્કેટમાં બીજાની દુકાને જઈને બેઠો હોય. તેથી જે તે દુકાનવાળાને ય બીક લાગે કે આ પનોતી અહીંયા આવીને બેઠો છે તે વહેલો મોડો મનેય ઊઠાડશે. બીજાની દુકાને બેઠા બેઠા, બીજાએ મંગાવેલી ચા પીતાં પીતાં, કોઈ ત્રીજાનું છાપુ વાંચતા વાંચતા, તે સોસાયટીની ચર્ચા કરતો હોય છે. પોતે માર્કેટની માયાજાળનો મહાજ્ઞાની છે, બધાથી વનસ્ટેપ મોર છે એવું સાબિત કરવા સાવ જુદા જ પ્રકારના વિધાનો કરે છે. તે કહે છે કે લોકો મોંઘવારીથી ખોટા ડરે છે. લોકો માને છે કે મોંઘવારીને કારણે ધંધા ઠપ્પ થઈ જશે, પણ ખરેખર એવું નથી. ('તો કેવું છે!' તેની તેને ખબર ન હોય!) મોંઘવારીથી ધંધાનો વિકાસ થાય, મોંઘવારીથી માણસની માનસિક શક્તિ મજબૂત બને, મોંઘવારીથી મોનોપોલી તૂટે, મોંઘવારીને કારણે અવનવી શોધો થાય. આવું કહે ત્યારે તેને કહેવાનું મન થાય કે તો પછી સફરજન બહુ મોંઘા હતા એટલે જ ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો ને! તેમના વિધાન સાંભળીને વગર મોંઘવારીએ માણસનું મગજ ચકરાવે ચડી જાય. આમ તે એક નવું જ અર્થશાસ્ત્ર (સાવ અર્થ વગરનું) આપણી સામે ખડું કરે છે, પણ આવી ચર્ચા સાંભળતી વખતે એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે તે એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવી.




**આ તજજ્ઞોની ખૂબી એ છે કે તેમાંનો દરેક તજજ્ઞ જે તે વિષયથી ઘણો અજ્ઞ હોય છે અને આવા લોકો જેમ વધુ અજ્ઞ તેમ તેનો આત્મવિશ્વાસ વધુ**

## ગરમાગરમ

કોઈ વાતમાં પતિ પત્ની વચ્ચે ગૃહયુદ્ધ ભડકી ઊઠ્યું. પતિ કહે, "તારો વાંક છે." પત્ની કહે, "તમારો વાંક છે." પછી બંનેએ નક્કી કર્યું કે ચાલ આપણે મંદિરે જઈએ અને ભગવાનને રજૂઆત કરીએ. ભગવાન ન્યાય કરશે. બંને મંદિરે ગયા ભગવાનની મૂર્તિની સામે પત્ની આગળ અને પતિ પાછળ ઊભો રહ્યો. પત્નીને બે હાથ જોડી ખૂબ કરૂણ સ્વરે કહ્યું, હે ભગવાન, જો મારો પતિ ખોટો હોય તો તેને અત્યારે ને અત્યારે ઉપાડી લેજો અને જો હું ખોટી હોઊ તો મારો ચુડલો ભાંગજો!